પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,
સમગ્ર શિક્ષા, સેક્ટર–17,
ગાંધીનગર.
E-mail –qecell@gmail.com

પત્રક્રમાંક:સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/1/2023/53599-639 તા:09/11/2023

**પ્રતિશ્રી,**
જિલ્લા પ્રોજેક્ટ કૉ–ઓર્ડીનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ તથા
શાસનાધિકારીશ્રી: અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત

**વિષય : બાલવાટિકા, ધોરણ :1–2ના વર્ગોમાં સંગીતમય પ્રવૃત્તિલક્ષી વાતાવરણ માટે સંગીતના સાધનો–વાજિંત્રોની ખરીદી માટે ગ્રાન્ટ ફાળવણી કરવા બાબત.**

સંદર્ભ:1. તા:03/11/2023ના રોજ ફાઈલ પર માન. સચિવશ્રી (પ્રાથમિક –માધ્યમિક), શિક્ષણ વિભાગની મંજૂરી.
2.અત્રેની કચેરીનો તા:07/11/2023ના કચેરી આદેશ ક્રમાંક:સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/ ગ્રા.ફા./1/ 2023/52877-915.

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે શિક્ષા મંત્રાલય, ભારત સરકાર દ્વારા પાયાની સાક્ષરતા અને અંકજ્ઞાન – (FLN) માટે National Initiative for Proficiency in Reading with Understanding and Numeracy – NIPUN BHARAT મિશન લોન્ચ કરવામાં આવેલ છે. નવી શિક્ષણ નીતિ– 2020 મુજબ નિપુણ ભારતના વિઝન અનુસાર વર્ષ:2026–27 સુધીમાં ધોરણ-2 સુધીના તમામ બાળકો પાયાની સાક્ષરતા અને અંકજ્ઞાન પ્રાપ્ત કરે તે માટેનું યોગ્ય વાતાવરણ નિર્માણ કરવાનું છે.

શાલેય શિક્ષણમાં ભાષા અને ગણિત જેવા વિષયો સાથે–સાથે કલા, યોગ અને સર્જનની પ્રવૃત્તિઓને પણ એટલુ જ મહત્ત્વ આપવામાં આવેલ છે. આ માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–2020, NCF (National Curriculum Framework for School Education 2023) અને NIPUN BHARATમાં દિશાનિર્દેશ કરવામાં આવેલ છે.

Nipun Bharat Mission (FLN) અંતર્ગત બાળકો નિયત કરેલ લક્ષ્યો પ્રાપ્ત કરી શકે તે માટે વર્ગમાં શીખવા–શીખવવા માટેની સહાયક સામગ્રી આપવા સંદર્ભે બાલવાટિકા, ધોરણ :1–2નાં વર્ગોમાં શૈક્ષણિક અને સહ શૈક્ષણિક પ્રવૃત્તિ તરીકે વિવિધ આયામોનું નિર્માણ કરવાનું કાર્ય વધુ સતેજ થાય તે હેતુસર રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓને સંગીતના સાધનો/વાજિંત્રોની ખરીદી માટે ગ્રાન્ટ આપવા બાબતે નિર્ણય થયેલ છે.

સંદર્ભ (1)ની મંજૂરી અન્વયે અત્રેની કચેરીના સંદર્ભ (2)ના કચેરી આદેશથી સંગીતના સાધનો/વાજિંત્રોની ખરીદી માટે રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓને નીચે જણાવેલ વિગતે ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે. વિદ્યાર્થી સંખ્યા મુજબ નિયત થયેલ મળવાપાત્ર ફાળવેલ ગ્રાન્ટની વિગતો તેમજ સાધનો/વાજિંત્રોની યાદી, સ્પેસીફીકેશન, ભાવ અને ગ્રાન્ટની વિગત નીચે મુજબ છે.

## A | વિદ્યાર્થી સંખ્યા મુજબ શાળાઓએ ખરીદવાના થતાં સાધનો/વાજિંત્રોની સંખ્યા તેમજ ગ્રાન્ટની વિગત

| ક્રમ | વિદ્યાર્થી સંખ્યા (બાલવાટિકા, ધોરણ :1–2) | સેટની સંખ્યા | 1 સેટની ગ્રાન્ટની રકમ | શાળા દીઠ કુલ ગ્રાન્ટની રકમ |
|---|---|---|---|---|
| 1 | 250 થી વધુ | 5 | 1300 | 6500 |
| 2 | 181 થી 250 | 4 | 1300 | 5200 |
| 3 | 121 થી 180 | 3 | 1300 | 3900 |
| 4 | 61 થી 120 | 2 | 1300 | 2600 |
| 5 | 1 થી 60 | 1 | 1300 | 1300 |

## B | સંગીતના સાધનો/વાજિંત્રોના એક સેટના મિનીમમ સ્પેસીફીકેશન, પ્રતિકાત્મક ચિત્ર (માર્ગદર્શન હેતુસર) તેમજ એક નંગ/એક જોડની ખરીદી માટેના મહત્તમ ભાવની વિગત દર્શાવતું પત્રક.

| ક્રમ | સાધન/ વાજિંત્રનું નામ | મિનીમમ સ્પેસીફીકેશન | પ્રતિકાત્મક ચિત્ર | 1 નંગ /1 જોડનો મહત્તમ ભાવ |
|---|---|---|---|---|
| 1 | ખંજરી (મઢેલી) | Made in steel ands bakelite with extra drum head nylon sheet. Approximate Wt.: 250 gm. Tambourine Size: Height:- 2 inches x Width:- 11 inch x Dia:- 9 inches |  | ₹ 180 |
| 2 | ખંજરી (સાદી) | Material : Plasic Size: Height:- 2 inches x Dia:- 9 inches, Approximate Wt.: 175 gm |  | ₹ 150 |
| 3 | કરતાલ | Material : Made of High Grade plastic & steel, Size: Dimensions: Height - 2 cm, Width - 6.3 cm, Length - 21.5 cm, Approximate Wt.: 220 gm |  | ₹ 250 |
| 4 | મંજીરા | A pair of hand cymbals, Made in Brass (પિત્તળ ધાતુના) , Diameter of each cymbal 3 inches,Attached with cotton thread cord Approximate Wt: 200 gm |  | ₹ 270 |
| 5 | ઘૂઘરા | Maracas with wooden/ Plastic handle, Hand Percussion-Steel (2 Piece), Approximate Wt: 300 gm, Size (L x W x H): 10 cm x 10 cm x 27 cm |  | ₹ 250 |
| 6 | ડમરું | Material :Wood, Body Material: Mango Wood , Good Quality Skin Approximate Wt.: 120 gm, Size: Dia: 5 inches |  | ₹ 200 |

## C | માર્ગદર્શક સૂચનાઓ :

1. ઉક્ત ગ્રાન્ટની રકમ સંબંધિત શાળાઓને ફાળવવાની રહેશે.
2. સંગીત વિષયના તજજ્ઞશ્રીઓની સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવેલ શાળામાં બાલવાટિકા, ધોરણ :1–2ની કુલ વિદ્યાર્થી સંખ્યા મુજબ શાળાએ ખરીદવાના થતા સંગીતના સાધનો/વાજિંત્રોની યાદી અને મિનીમમ સ્પેસીફીકેશન, સૂચવેલ મહત્તમ ભાવ, સાધનો/વાજિંત્રોની સંખ્યા અને ભાવ મુજબ કુલ ફાળવેલ ગ્રાન્ટની વિગત ઉપર પત્રકમાં જણાવ્યા મુજબ છે. શાળાએ ઉપર જણાવ્યા પ્રમાણે લાગુ પડતા સંગીતના સાધનો/વાજિંત્રોની યાદી, તેના સ્પેસીફીકેશન અને મહત્તમ ભાવની મર્યાદામાં ખરીદી કરવાની રહેશે. સંગીતના સાધનો/વાજિંત્રોની ખરીદી સ્કુલ મેનેજમેન્ટ કમિટી દ્વારા કરવાની રહેશે.
3. સંગીતના સાધનો/વાજિંત્રો બાલવાટિકા, ધોરણ :1–2ના વર્ગોમાં શૈક્ષણિક તેમજ સહભ્યાસિક તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં વધુમાં વધુ તેમજ કાળજીપૂર્વક ઉપયોગ થાય તેની ખાસ તકેદારી રાખવાની રહેશે. સાધનો/વાજિંત્રોની યોગ્ય જાળવણી કરવાની રહેશે તેમજ મૂળ તો આ સાધનો/વાજિંત્રો વિદ્યાર્થીઓના ઉપયોગ માટે છે જેથી સરળતાથી તેઓને ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

4. સાધન/વાજિંત્રના સ્પેસીફીકેશન લઘુત્તમ છે એટલે કે આ સ્પેસીફીકેશન કરતાં વધુ ગુણવત્તાવાળા સ્પેસીફીકેશનના સાધન/વાજિંત્ર માર્ગદર્શિકામાં જણાવેલ મહત્તમ ભાવની મર્યાદામાં ખરીદી કરી શકાશે.
5. ખરીદી કરેલ સાધનો/વાજિંત્રોની શાળાના ડેડસ્ટોક રજીસ્ટરમાં બિનચૂક નોંધણી કરવાની રહેશે.
6. સી.આર.સી. કૉ−ઓર્ડીનેટરશ્રીએ તમામ શાળાઓમાં ખરીદવામાં આવેલ સાધનો/વાજિંત્રોની સ્પેસીફીકેશન મુજબ ચકાસણી કરવાની રહેશે. આ ઉપરાંત અસલ બીલમાં દર્શાવેલ સાધનો/વાજિંત્રોની ભૌતિક ચકાસણી અને ડેડસ્ટોક રજીસ્ટર સાથે જાતે મેળવણું કરવાનું રહેશે.આ કામગીરી તટસ્થ રીતે કરવાની રહેશે.
7. તાલુકા કક્ષાએ તાલુકાની 10 % શાળાઓમાં (દરેક ક્લસ્ટરની ઓછામાં ઓછી 1 શાળા) સાધનો/વાજિંત્રોની સ્પેસીફીકેશન મુજબ ચકાસણી સંબંધિત બી.આર.સી. કૉ−ઓર્ડીનેટરશ્રીએ કરવાની રહેશે. આ ઉપરાંત અસલ બીલમાં દર્શાવેલ સાધનો/વાજિંત્રોની ભૌતિક ચકાસણી અને ડેડસ્ટોક રજીસ્ટર સાથે ફરજીયાત મેળવણું કરવાનું રહેશે.
8. જિલ્લા કક્ષાએ આ સંગીતના સાધનો/વાજિંત્રોની ચકાસણી માટે એક કમિટીની રચના કરવાની રહેશે. આ કમિટીએ જિલ્લાની 5 % શાળાઓમાં (દરેક બ્લોકની ઓછામાં ઓછી 2 શાળામાં) સ્પેસીફીકેશન મુજબ ચકાસણી કરવાની રહેશે. આ ઉપરાંત અસલ બીલમાં દર્શાવેલ સાધનો/વાજિંત્રોની ભૌતિક ચકાસણી અને ડેડસ્ટોક રજીસ્ટર સાથે ફરજીયાત મેળવણું કરવાનું રહેશે.
9. ઉપર જણાવેલ ક્રમ નં: 6 થી 8 મુજબ ચકાસણી થયેલ શાળાઓની યાદી અને વિગતો જે તે કક્ષાએ હાથવગી રાખવાની રહેશે.
10. સી.આર.સી. કૉ−ઓર્ડીનેટરશ્રી, બી.આર.સી. કૉ−ઓર્ડીનેટરશ્રી અને જિલ્લા કક્ષાએથી ચકાસણી કરી આ સાથે સામેલ નમૂના મુજબના પ્રમાણપત્ર મોકલી આપવાના રહેશે. આ ઉપરાંત જિલ્લાનું યુ.ટી.સી. પણ મોકલી આપવાનું રહેશે.

ઉક્ત ગ્રાન્ટની સંબંધિત જિલ્લા પ્રોજેક્ટ કૉ−ઓર્ડીનેટરશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તેમજ સંબંધિત શાસનાધિકારીશ્રીઓને ફાળવણી કરવામાં આવેલ છે. આ ગ્રાન્ટ સંબંધિત શાળાઓને ફાળવવાની રહેશે અને આ માર્ગદર્શિકા સાથેનો પરિપત્ર પણ સંબંધિત તમામ શાળાઓને મોકલી આપવાનો રહેશે. ગ્રાન્ટ ફાળવણીના આદેશ અને પત્રમાં જણાવ્યા અનુસાર સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો અનુસાર ખર્ચ કરવાનો રહેશે અને યુ.ટી.સી. અત્રેની કચેરીને મોકલી આપવાનું રહેશે.

(મહેશ મહેતા)
**સચિવ**
**સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ**
**સમગ્ર શિક્ષા, ગાંધીનગર**

બિડાણ : ગ્રાન્ટ ફાળવણીનો આદેશ અને શાળાઓની યાદી

**નકલ સવિનય રવાના**
- માન. એસ.પી.ડી.શ્રી, સદર કચેરી
- માન. એ.એસ.પી.ડી.શ્રી, સદર કચેરી
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર
- માન.એફ & એ.ઓ.શ્રી, સદર કચેરી

| સંગીતના સાધનો/વાજિંત્રોની ચકાસણીનું પ્રમાણપત્ર (નમૂનો–અ) |
| --- |
| આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ___(શાળાનું નામ)___ પ્રા. શાળાને સમગ્ર શિક્ષા કચેરી દ્વારા સંગીતના સાધનો/વાજિંત્રોની ખરીદી માટે ___(ગ્રાન્ટની રકમ)___ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ હતી.<br><br>શાળા દ્વારા ખરીદવામાં આવેલ સાધનો/વાજિંત્રોની પરિપત્રમાં આપેલ સ્પેસીફીકેશન મુજબ યોગ્ય જણાય છે. આ ઉપરાંત અસલ બીલમાં દર્શાવેલ સાધનો/વાજિંત્રોની ભૌતિક ચકાસણી અને ડેડસ્ટોક રજીસ્ટર સાથે જાતે મેળવણું કરવામાં આવેલ છે. જે યોગ્ય જણાયેલ છે.<br><br>**વિશેષ નોંધ :**<br><br>**ચકાસણી કરનારનું નામ,**<br>**હોદ્દો, સહી સિક્કા** |

| સી.આર.સી. કૉ–ઓર્ડીનેટરશ્રીએ તાલુકા કક્ષાએ આપવાના પ્રમાણપત્રનો નમૂનો(નમૂનો–બ) |
| --- |
| આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે સમગ્ર શિક્ષા કચેરી દ્વારા સંગીતના સાધનો/વાજિંત્રોની ખરીદી માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી શાળાઓ દ્વારા ખરીદવામાં આવેલ સાધનો/વાજિંત્રોની ક્લસ્ટરની તમામ શાળાઓમાં ચકાસણી કરવામાં આવેલ છે.<br>શાળાઓ દ્વારા ખરીદવામાં આવેલ સાધનો/વાજિંત્રોની પરિપત્રમાં આપેલ સ્પેસીફીકેશન મુજબ યોગ્ય જણાય છે. આ ઉપરાંત અસલ બીલમાં દર્શાવેલ સાધનો/વાજિંત્રોની ભૌતિક ચકાસણી અને ડેડસ્ટોક રજીસ્ટર સાથે જાતે મેળવણું કરવામાં આવેલ છે. જે યોગ્ય જણાયેલ છે. તમામ શાળાઓના સાધનોની ચકાસણીના (નમૂના–અ) મુજબના પ્રમાણપત્રો આ સાથે સામેલ છે.<br>**વિશેષ નોંધ :**<br><br>**સી.આર.સી. કૉ–ઓર્ડીનેટરશ્રીના**<br>**સહી સિક્કા**<br><br>**પ્રતિ**<br>બી.આર.સી. કૉ–ઓર્ડીનેટરશ્રી<br>તાલુકો : .............<br>જિલ્લો : ............. |

| બી.આર.સી. કૉ–ઓર્ડીનેટરશ્રીએ જિલ્લા કક્ષાએ આપવાના પ્રમાણપત્રનો નમૂનો (નમૂનો–ક) |
|---|
| આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે સમગ્ર શિક્ષા કચેરી દ્વારા સંગીતના સાધનો/વાજિંત્રોની ખરીદી માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી શાળાઓ દ્વારા ખરીદવામાં આવેલ સાધનો/વાજિંત્રોની ચકાસણી અનુસંધાને તાલુકાના તમામ સી.આર.સી. કૉ–ઓર્ડીનેટરશ્રીઓ પાસેથી નમૂના–બ મુજબના પ્રમાણપત્રો મેળવવામાં આવેલ છે.<br>તાલુકા કક્ષાએ તાલુકાની 10 % શાળાઓમા (દરેક ક્લસ્ટરની ઓછામાં ઓછી 1 શાળા) સાધનો/વાજિંત્રોની સ્પેસીફીકેશન મુજબ ચકાસણી કરવામાં આવેલ છે. આ 10 % શાળાઓનાં સાધનોની ચકાસણીના (નમૂના–અ) મુજબના પ્રમાણપત્રો આ સાથે સામેલ છે.<br>**વિશેષ નોંધ :**<br>**બી.આર.સી. કૉ–ઓર્ડીનેટરશ્રીના**<br>**સહી સિક્કા**<br>**પ્રતિ**<br>જિલ્લા પ્રોજેક્ટ કૉ–ઓર્ડીનેટરશ્રી<br>જિલ્લો : ............. |

| જિલ્લા પ્રોજેક્ટ કૉ–ઓર્ડીનેટરશ્રીએ રાજ્ય કક્ષાએ આપવાના પ્રમાણપત્રનો નમૂનો (નમૂનો–ડ) |
|---|
| આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે સમગ્ર શિક્ષા કચેરી દ્વારા સંગીતના સાધનો/વાજિંત્રોની ખરીદી માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી શાળાઓ દ્વારા ખરીદવામાં આવેલ સાધનો/વાજિંત્રોની ચકાસણી અનુસંધાને જિલ્લા તમામ બી.આર.સી. કૉ–ઓર્ડીનેટરશ્રીઓ પાસેથી નમૂના–ક મુજબના પ્રમાણપત્રો મેળવવામાં આવેલ છે.<br>જિલ્લા કક્ષાએ આ સંગીતના સાધનો/વાજિંત્રોની ચકાસણી માટે રચવામાં આવેલ કમિટી દ્વારા જિલ્લાની 5 % શાળાઓમાં (દરેક બ્લોકની ઓછામાં ઓછી 2 શાળામાં) સ્પેસીફીકેશન મુજબ ચકાસણી કરવામાં આવેલ છે. આ 5 % શાળાઓનાં સાધનોની ચકાસણીના (નમૂના–અ) મુજબના પ્રમાણપત્રો આ સાથે સામેલ છે.<br>**વિશેષ નોંધ :**<br>**જિલ્લા પ્રોજેક્ટ કૉ–ઓર્ડીનેટરશ્રીના**<br>**સહી સિક્કા**<br>**પ્રતિ**<br>સચિવશ્રી,<br>સમગ્ર શિક્ષા , એસ.પી.ઓ.<br>ગાંધીનગર |